**...૩૦૧૯/૧૭ સી.સી.નંબર: ૫૦૨૬૮/૧૭ પશુ સંરક્ષણ (સુધારા) અધીનિયમ :૨૦૧૧ ની કલમ: ... પણા કલમ: ૧૧(ઈ)(એલ), બી.પી.એમ.સી. કલમ: ૩૩૫,૩૩૬, તથા જી.પી.એકટ કલમ: ૧૩૫(૧) મુજબ. ... નીચે હુકમ:**

-: હુ ક મ :-

અરજદારની અરજી વંચાણે લીધી.અરજદારના વિધ્વાન વકીલશ્રીની દલીલો ધ્યાને લીધી.ચાર્જસીટ વંચાણે લીધી. ...પી.પી.શ્રી.ને સાંભળ્યા. અરજદારે અરજી સાથે રજુ કરેલ દસ્તાવેજી પુરાવા વંચાણે લીધા.

(૨) અરજદાર ની અરજીની ટુંકમાં હકીકત એવી છે કે સદર કામે અરજદારની માલીકીની કબજા ભોગવટાની હોન્ડા કંપનીની એકટીવા ગાડી કે જેનો આર.ટી.ઓ રજી.નં .જી.જે.૦૧ ઈ.યુ.૫૩૩૩ નો છે. જેનો એન્જીન નં. જે.એફ.૫૦ઈટી.૨૪૩૬૭૭૦ નો છે. જેનો ચેસીસ નંબર: ૪૩૫૯૪૭ નો છે. જે એકટીવા ગુંનાના કામે ઉપયોગમાં લીધેલ હોય , પંચો રુબરુ પંચનામાની વિગતે તપાસ અર્થે કબજે લેવામાં આવેલ છે. જે વાહન તેઓની રોજ બરોજની વાપર ઉપયોગનું સાધન હોઈ , અને છ માસથી વધુ સમય સુંધી પોલીસ સ્ટેશનમાં પડયું રહેલ છે.જેથી નામદાર કોર્ટ ફરમાવે તે શરતોનું પાલન કરવાની શરતે પરત મેળવવા અરજ કરેલ છે.

(૩) જો સદરી વાહન બીનવારસી હાલતમાં પોલીસ સ્ટેશનમાં પડયું રહે તો તેના ટાયર , ટયુબ તથા ચેસીસને ભારે નુકશાન થાય તેમ હોય. અને અરજદારને આર્થીક નુકશાન સહન કરવું પડે તેમ છે.કાયદાની જોગવાઈ જોતાં જપ્ત કરેલ વાહન અથવા સાધન કબજે લીધાના છ માસ ઉપરાંતનો સમય પસાર થઈ ગયેલ છે. અને સદર કામે ચાર્જસીટ પણ નામદાર કોર્ટમાં દાખલ કરવામાં આવેલ છે. સાથે સાથે સદરહું મુદ્દામાલ એકટીવા અરજદારની રોજ બરોજની જીવન જંરુરીયાતની ચીજવસ્તુ હોઈ, તથા જો તેઓને પરત સોપવામાં ના આવે તો આર્થીક નુકશાન સહન કરવું પડે તેમ હોય.સાથે સાથે આ કામના આરોપીઓએ સદર મુદ્દામાલ વાહન આ કામના અરજદારને સોપવામાં આવે તો વાંધો નથી તેવી નો કલેઈમ પુરસીસ અરજી સાથે સામેલ રાખેલ છે. વળી નામદાર સવોચ્ચ અદાલતના સુંદર અંબાલાલ દેસાઈ વિ.સ્ટેટ ઑફ ગુજરાત નો ચુકાદો વંચાણે લેતા અને તેમાં પ્રતિપાદીત કરેલ સિધ્ધાંતો ને ધ્યાને લેતા જો આ મુદ્દામાલ અરજદારને ના સોપવામાં આવે તો નાશ થવાની કે નુકશાન થવાની શકયતા નકારી શકાય તેમ નહોય તેથી મુદ્દામાલ જરુરી શરતો સાથે સોપવાથી આ ગુન્હાની તપાસ કે ઈન્સાફી કાર્યવાહીમાં કોઈ વિરુધ્ધની અસર થાય તેવું જણાતું નથી. જેથી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

-: હુ ક મ :-

શાહપુર પો.સ્ટે.સેકન્ડ ગુ.ર.નં.૩૦૧૯/૧૮ સી.સી.નંબર: ૫૦૨૬૮/૧૭ પશુ સંરક્ષણ (સુધારા) અધીનિયમ :૨૦૧૧ ની કલમ: ૫,૬,૭,તથા પશુ ધાતકી પણા કલમ: ૧૧(ઈ)(એલ), બી.પી.એમ.સી. કલમ: ૩૩૫,૩૩૬, તથા જી.પી.એકટ કલમ: ૧૩૫(૧)ના કામે અરજદાર: મોહમંદ ફુરકાન ઈબ્રાહીમ કુરેશી નાઓની માલીકીની કબજા ભોગવટાની હોન્ડા કંપનીની એકટીવા ગાડી કે જેનો આર.ટી.ઓ રજી.નં .જી.જે.૦૧ ઈ.યુ.૫૩૩૩ નો છે. જેનો એન્જીન નં. જે.એફ.૫૦ઈટી.૨૪૩૬૭૭૦ નો છે. જેનો ચેસીસ નંબર: ૪૩૫૯૪૭ નો છે.જે મુદ્દામાલ પાવતીમાં જણાવેલ રકમ થી દોઢી રકમના જામીન અને બોન્ડ રજુ કયેથી નીચે મુજબની શરતોને આધીન કેસની કાર્યવાહી પુરી ના થાય ત્યાં સુધી વચગાળાની કસ્ટડી થી સોપવાનો હુકમ કરવામાં આવે છે.

શરતો:

(૧) અરજદારે પોતાની ઓળખ અંગેનો તાજેતરનો પાસપોર્ટ સાઈઝનો ફોટો ,પોતાની સહીવાળો તપાસકરનાર અધીકારી રુબરુ એટેસ્ટેડ કરાવી રજુ કરવો.

(૨) મુદ્દામાલ નામદાર કોર્ટ જયારે અને જયાં મંગાવે ત્યારે અને ત્યાં વિના વિલંબે રજુ કરવો.

... જો હુકમ ના થાય ત્યાં સુધી કોઈ પણ પ્રકારનો વેચાણ, ગીરો, બક્ષિસ કે અન્ય રીતે કોઈ ને કોઈ ... નહી.

મુદ્દામાલ ના દેખાવ તેમજ સ્વરુપ તેમજ કલરમાં કોર્ટની પરવાનગી સીવાય કોઈ પણ પ્રકારે , કોઈ પણ રીતે ફેરફાર કરવો નહી.

(૫) મુદ્દામાલ નો ગુન્હાહીત કામે ઉપયોગ કરવો નહી.

(૬) ઉપરોકત હુકમ અંગે તપાસ કરનાર અધીકારીએ બોન્ડ અને જામીન સ્વીકારી તેમજ અરજદારની માલીકી અંગે અસલ કાગળો તથા બીલ ઈનવોઈસને જોઈને ખરાઈ કરી અરજીમાં જણાવેલ માલીકીના મુદ્દામાલ નું વિગતવારનું પંચનામું કરી,અરજદારને મુદ્દામાલ પરત કર્યા અંગેની અત્રેની કોર્ટમાં રીપોર્ટ કરવો.

(૭) હુકમ મુજબ સબંધીત તપાસકરનાર અધીકારીશ્રીને યાદી કરવી.

હુકમ આજ તા.૨ જી માહે એપ્રિલ સને ૨૦૧૮ નારોજ ,અમદાવાદ મુકામે ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી ,મારી સહી કરી જાહેર કર્યો.

અમદાવાદ.

તા. ૨/૪/૨૦૧૮

02/4/18

(એસ.એમ.સોલંકી)
એડી.ચીફ.મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ
કોર્ટ. નં.૧૨,અમદાવાદ.
જી.જે.૦૦૫૧૪